NOTARY
M.K.PARMAR
HIMATNAGAR
DIST. S.K. (GUJ.)
REG.NO.40485/25
EXP.DT.-
14/2/2030
GOVT. OF INDIA

SERIAL NO.:- 85/2025
BOOK NO.:- 01
PAGE NO.:- 07
DATE:- 10 JUN 2025

Spl. C/C/BPT 2

No. : 25079

# :: CERTIFICATE OF REGISTRATION ::

It is hereby certified that below mentioned Public Trust has been duly Registered at Public Trust Registration Office at HIMATNAGAR under Mumbai Public Trusts Act of 1950 (29th of year 1950 of Mumbai)

Name of Public Trust : **SUNRISE EDUCATION TRUST**
Faith Higher Secondary School, Mahavirnagar,
Himatnagar, Dist. S.K.


Registration number of Public Trust : **E/3800 / Sabarkantha**

To whom Certificate is given: **Kajrekar Girishbhai Dattatrey**

Issued with my signature on to day 25 Month JULY – Year 2018

Sd/- 25 / 7 / 18
Assistant Charity Commissioner
Sabarkantha Region
Himatnagar

Round Seal of Assistant Charity Commissioner Sabarkantha Region, Himatnagar




10 JUN 2025

Certified That The True Translation From Gujarati / Hindi In to English Language

MUKESHKUMAR K. PARMAR
NOTARY
GOVT. OF INDIA
HIMATNAGAR, DIST.S.K., (GUJ.)

NOTARY
M. K. PARMAR
HIMATNAGAR
DIST.S.K.(GUJ.)
REG.NO.40485/25
EXP.DT.
14/02/2030
GOVT. OF INDIA

(5)

भारतीय गैर न्यायिक

एक सौ रुपये

Rs. 100

रु. 100

ONE HUNDRED RUPEES

सत्यमेव जयते

भारत INDIA

INDIA NON JUDICIAL

ગુજરાત गुजरात GUJARAT

BL 028616

નંબર: – 2532 – તારીખ: 29/05/2018

લેનારનું નામ: [illegible]

રહેવાસી: [illegible] તાલુકો: [illegible]

હસ્તે: [illegible]

લેનારની સહી: [illegible]

સ્ટેમ્પ વેન્ડર (લા.નં.૩/૨૦૦૩)
કે.વ્યાપાર ભવન, હિંમતનગર
(કે.એન.મોચી)

એસ.જી. ગોસ્વામી

આંક નં. ......../........

ઇન્ડે. નં. ......../........

તારીખ..........

અધિકારી

## સનરાઈઝ એજ્યુકેશન ટ્રસ્ટડીડ

ટ્રસ્ટ સ્થાપનાનો દસ્તાવેજ " ટ્રસ્ટ ડીડ આજરોજ તા.૨૧/૦૫/૨૦૧૮ ના રોજ અમો એક તરફવાળા કાજરેકર ગીરીશભાઈ દત્તાત્રેય ઉ.વ.આ. ૬૨ રહે. ગાયત્રી મંદિર રોડ, મહાવીરનગર હિમતનગર જેમને હવે પછીથી 'સેટલર કહેવામાં આવશે અને બીજી તરફવાળા.

| અ.નં. | સભ્યનું નામ | સરનામું | |
|---|---|---|---|
| ૧ | કાજરેકર ગીરીશભાઈ દત્તાત્રેય | ગાયત્રીમંદિરરોડ, મહાવીરનગર, હિંમતનગર. | |
| ૨ | ડોંગરે જીતેન્દ્રકુમાર સદાશિવ | ૪૯/૪ યશસ્વી ફ્લેટ, બેરણા રોડ, હિંમતનગર. | |
| ૩ | પટેલ પ્રવીણભાઈ હીરાભાઈ | શગુનબંગલોઝ, સહકારી જીન રોડ હિંમતનગર. | |
| ૪ | આચાર્ય હરેશકુમાર નરોત્તમદાસ | રામજીમંદિર સામે, હડીયોલપુલ છાપરીયા, હિંમતનગર. | |
| ૫ | ઉપાધ્યાય કૌશલકુમાર સોમનાથભાઈ | કાબસો, તા- ઇડર જી. સા.કાં. | |

...ની વચ્ચે ટ્રસ્ટની સ્થાપના માટે આ ટ્રસ્ટડીડ ઘડવામાં આવે છે અને સેટલર તરીકે અમારી સહી કરી ...ર કરીએ છીએ કે, આ ટ્રસ્ટ ડીડથી અમલમાં આવનાર ટ્રસ્ટ ફેરવી ના શકાય તેવું નીચે મુજબના હેતુઓવાળું રહેશે.

(૨) આ ટ્રસ્ટડીડના 'સેટલર કાંજરેકર ગીરીશભાઈ દત્તાત્રેય પોતાની આગવી સ્વપાર્જિત મેળવેલ મિલકતમાંથી રૂ.૧૦,૦૦૦/- અંકે રૂપિયા દશ હજાર પુરા જુદા કાઢીને આ ટ્રસ્ટને અર્પણ કરે છે. આ રકમ પર હવે પછીથી અમોને કે એમના વાલી, વારસાનો કોઈ લાગ-ભાગ, હક્ક હિસ્સો કે અધિકાર રહેશે નહિ અને તે ટ્રસ્ટની મિલકત ગણાશે. આ મિલકત બીજી તરફવાળાઓએ ટ્રસ્ટની મિલકત તરીકે સ્વીકાર કરી તમેની સંમતિથી સહીઓ આ દસ્તાવેજ હેઠળ કરેલ છે.

(3) આ ડીડથી અમલમાં આવનાર ટ્રસ્ટનું નામ, ઉદ્દેશ અને ટ્રસ્ટીઓ તેમના અનુગામી ટ્રસ્ટી નીમવાની રીત તેમજ ટ્રસ્ટના હેતુઓ બાર લાવવા માટેની વ્યવસ્થા, શરતો અને નિયમો નીચે મુજબના રહેશે.

(અ) ટ્રસ્ટનું નામ: સનરાઈઝ એજ્યુકેશન ટ્રસ્ટ

(બ) કાર્યાલય: ફેઈથ હાયર સેકન્ડરી સ્કૂલ હિમતનગર

(ક) કાર્યક્ષેત્ર : સમગ્ર ભારત દેશ

બાકીના ટ્રસ્ટીઓ બહુમતીથી લાયક વ્યક્તિઓની ટ્રસ્ટી તરીકે નિમણુક કરશે.ટ્રસ્ટીઓ વધારવાના ટ્રસ્ટીઓની નિમણુક પક્ષ બહુમતીથી કરી શકશે. (૭) (5)

❖ <u>પ્રથમ ટ્રસ્ટીઓ:</u>

આ ટ્રસ્ટડીડ હેઠળ બીજી તરફવાળા તરીકે સંબોધાયેલ નીચેના વ્યક્તિઓ આ ટ્રસ્ટના પ્રથમ ટ્રસ્ટીઓ તરીકે રહેશે.

❖ <u>ટ્રસ્ટની મિલકત અંગે :-</u>

આ ટ્રસ્ટની સ્થાવર તથા જંગમ મિલકતો જે તે વખતના ટ્રસ્ટીઓ માં સંપ્રાપ્ત થશે.

❖ <u>પ્રમુખની સત્તા અને ફરજો:-</u>

(૧) પ્રમુખ ટ્રસ્ટી મંડળની મીટીગ બોલાવવા માટે મંત્રીને આદેશ આપી શકશે. અને આવી મીટીગમાં પ્રમુખ સ્થાને રહેશે અને મીટીગનું સંચાલન કરશે.
(૨) કોઈ સમયે મીટીગમાં સરખા મત પડે તેવા સમયે પ્રમુખ ટ્રસ્ટીને કાસ્ટીગ વોટ આપવાનો અધિકાર પ્રમુખ ટ્રસ્ટીનો રહેશે.
(૩) આ ટ્રસ્ટીની તમામ પ્રવૃત્તિઓ ઉપર દેખરેખ રાખશે અને જરૂરી માર્ગદર્શન તથા સુચના આપશે.
(૪) આ ટ્રસ્ટના કામકાજ માટે કર્મચારીઓની નિમણુક કરશે તેમજ તેમને છુટા પણ કરી શકશે.

❖ <u>ઉપપ્રમુખની સત્તા અને ફરજો:</u>

(૧) પ્રમુખશ્રીની ગેરહાજરીમાં પ્રમુખશ્રીની તમામ સત્તા અને ફરજોઓનો ઉપયોગ કરી શકશે.
(૨) વખતો વખત ટ્રસ્ટી મંડળ વધારાની કોઈ કામગીરી સૂચવે તે કરવાની રહેશે.
(૩) કર્મચારીઓના પગાર, ઇજાફા તથા રજાઓ નક્કી કરશે.
(૪) સરકારી અર્ધસરકારી અને બિન સરકારી સંસ્થાઓ, કચેરી કે વ્યક્તિ સમક્ષ આ ટ્રસ્ટનું પ્રતિનિધિત્વ ધરાવશે અને તેમની સામે ટ્રસ્ટ વતી પત્ર વ્યવહાર કરશે.
(૫) આ ટ્રસ્ટ વતી કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા સામે દાવો કરશે દાવાઓમાં રજૂઆત કરે અને તેઓની સામે જરૂરી કાર્યવાહી કરશે.
(૬) ટ્રસ્ટી મંડળની મિટિંગમાં ટ્રસ્ટનો હિસાબ રજુ કરશે અને નાણાકીય વર્ષ માટે અંદાજપત્ર રજુ કરી ટ્રસ્ટી મંડળની બહાલી મેળવશે.
(૭) ટ્રસ્ટી મંડળે પસાર કરેલા ઠરાવોની નોધ રાખશે કે રખાવશે અને આવા ઠરાવોને અમલમાં મુકશે.
(૮) ટ્રસ્ટની સ્થાવર મિલકતથી માલિકીને લગતા દસ્તાવેજો પોતાના કબજામાં રાખી શકશે અથવા બેન્કમાં સેઈફ ડીપોઝીટ વોલ્ટમાં મુકશે.
(૯) ટ્રસ્ટની મિલકતોની જાળવણી કરશે અને મિલકતોની સલામતી માટે પગલા લેશે.
(૧૦) ટ્રસ્ટના હેતુઓની વિરુદ્ધના હોય તેવું શરતી અગર બિનશરતી દાન તથા વ્યાજબી કે બિનવ્યાજબી લોન ટ્રસ્ટી મંડળની સંમતિથી સ્વીકારી શકશે.

(૪) ઉદ્દેશો: સદરહુ ટ્રસ્ટના ઉદ્દેશો નીચે મુજબ રહેશે.

સમાજની દરેક વ્યક્તિની ઉન્નતી, જાગૃતિ અને ચેતના લાવવાની રહેશે. સમાજની સેવા અને વિકાસ કરવાનો હેતુ માનવ કલ્યાણની અને માનવતા વિકાસલક્ષી સમાજની સેવા અને માનવીય સેવાઓનો ઉદ્દેશ રહેશે.સદર હેતુઓ જે તે વખતના સરકારશ્રીના નિયમો અનુસાર તેમજ જોગવાઈઓ મુજબ પરવાનગી મેળવી કામગીરી કરવાની રહેશે.

૧. શૈક્ષિણક વિકાસ માટે કેળવણી વિષયક સંસ્થાઓ જેવી કે જુનિયર કે.જી. સીનીયર કે.જી. પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, બાલવાડી, આગણવાડી, આર્ટસ કોમર્સ કોલેજો, શા.શૈક્ષણિક કોલેજો,ફાઈન આર્ટસ કોલેજો, પ્રૌઢ શિક્ષણના વર્ગો, ઘોડિયાઘર, રાત્રી શિક્ષણના વર્ગો, ટેકનીકલ સ્કૂલો, અધ્યાપન મંદિરો, કુમાર-કન્યા છાત્રાલયો, આશ્રમ શાળાઓ, મેડીકલ અને પેરા મેડીકલ કોલેજો તેમજ ફાર્મસી કોલેજ તથા નર્સિંગ કોલેજો તથા અન્ય શૈક્ષણિક તાલીમી અને વ્યવસાયી કોલેજો સ્થાપવી અને તેમને ચલાવવા જરૂરી સગવડો ઉભી કરવી, મેનેજમેન્ટની કોલેજો સ્થાપવી, ચલાવવી અને નિભાવવા તથા આવી પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓને મદદ કરવી.

૨. આરોગ્યક્ષેત્રે ઉપચાર કેન્દ્ર, વિવિધ માહિતી કેન્દ્રો, રોગો અટકાવવાના ઉપાયો. કુટુંબ નિયોજન હોસ્પિટલ, દવાખાના શરૂ કરવા કાહ્નાવવા તેમજ તે અંગેની મદદ કરવી. વિવિધ ઉપચારની પદ્ધતિઓ જેવી કે એલોપેથી આયુર્વેદિક, હોમિયોપેથિક, યુનિની નીસગા પચાર, ચુંબકીય પદ્ધતિઓ અંગે લોકોમાં પ્રચાર કરવા તેમજ તે અંગેની સુવિધાઓ પૂરી પાડવી. તેમજ ધ્યાન, યોગ, પ્રાણાયામ જેવી પ્રવૃત્તિઓ થી માનસિક તેમજ બૌદ્ધિક વિકાસ માટેની પ્રવૃત્તિઓ કરવી. આરોગ્ય વિષયક લગતી પ્રવૃત્તિઓ માટે રોગ નિદાન કેમ્પ,સફાઈ, રસીકરણ, કુટુંબ કલ્યાણની પ્રવૃત્તિઓ હાથ ધરવી.

૩. કન્યા કેળવણી માટે કન્યા શાળાઓ, સ્કૂલો, મહિલા કોલેજો શરૂ કરવા તેનાજ તેનું સંચાલન કરવું અને નિભાવવાનું અનાથ માટે અનાથઆશ્રમ તથા વૃદ્ધો માટે વૃદ્ધાશ્રમ તેમજ સ્ત્રીઓ, શોષિત કન્યાઓ, વિધવા ત્યકતા, નિરાધાર સ્ત્રીઓ વિગેરે માટે વિકાસ ગૃહો સ્થાપવા તેમજ તેના કલ્યાણ માટેની પ્રવૃત્તિઓ હાથ ધરવી. તથા અન્નક્ષેત્ર ચલાવવું.

૪. ઉપરોક્ત હેતુઓ બાર લાવવા તેને આનુંષાંગિક તમા પ્રવૃત્તિઓ કરી શકશે.

- <u>ટ્રસ્ટીઓની સંખ્યા :</u>

  આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓની સંખ્યા ઓછામાં ઓછા (૫) અને વધુમાં વધુ (૧૧) ટ્રસ્ટીઓની રહેશે. પરંતુ સમય અને સંજોગો અનુસાર ટ્રસ્ટી મંડળ સર્વાનુમતે ઠરાવ કરી ટ્રસ્ટીઓની સંખ્યામાં ફેરફાર ચેરીટી કમિશ્નરશ્રીની પરવાનગીથી કરી શકશે.

- <u>અનુગામી ટ્રસ્ટીઓ નીમવાની રીત:</u>

  આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તેમના જીવન પર્યતના ટ્રસ્ટીઓ છે સિવાય કે ટ્રસ્ટીઓમાંના મૃત્યુ અગર રાજીનામાથી તેઓની જગ્યા ખાલી પડેલી ગણાશે અને આવી ખાલી પડેલી જગ્યા ઉપર

### ❖ ખજાનચી સત્તા અને ફરજો :-

(૧) આ ટ્રસ્ટની તમામ આવક માટે પહોંચ આપશે કે અપાવી અને ખર્ચના વાઉચર મેળવશે.

(૨) આ ટ્રસ્ટની આવક તથા જાવકનો રોજબરોજનો હિસાબ રાખશે કે રખાવશે.

(૩) ટ્રસ્ટના હિસાબો ઓડીટ કરાવશે.

### ❖ ટ્રસ્ટી મંડળનીસત્તા અને ફરજો:-

(૧) જે તે વખતના પ્રવર્તમાન કાયદા મુજબની ટ્રસ્ટની સ્થાવર મિલકત વેચી શકશે, ગીરો મૂકી શકશે, અદલા બદલી કરી શકશે. તેમજ કાયદેસર રીતે ટ્રાન્સફર કરી શકશે.

(૨) જે તે વખતના કાયદાને આધીન રહીને ટ્રસ્ટના નાણાંનું રોકાણ કરી શકશે.

(૩) આ ટ્રસ્ટના હેતુઓ બાર લાવવા સદા સક્રિય રહેશે.

(૪) ટ્રસ્ટી કે ટ્રસ્ટીઓના તેમના કાર્ય માટે સમય અને શક્તિ આપવા બદલ તેમને માનદ વેતન આપી શકશે.

(૫) જો કોઈ ટ્રસ્ટી લાયકાત ધરાવતો હશે તો તેમની આ ટ્રસ્ટની સંસ્થા કે સંસ્થાઓમાં સેવા લઇ શકશે અને તે બદલ વેતન આપી શકશે.

(૬) કોઈપણ ટ્રસ્ટીએ આ ટ્રસ્ટના કામે પોતાના નાણામાંથી ખર્ચ કરેલ હશે તો ત ખર્ચ તેઓ આ ટ્રસ્ટ પાસેથી લેવાના હક્કદાર રહેશે.

### ❖ ટ્રસ્ટી મંડળની મીટીંગ અને કોરમ :-

ટ્રસ્ટી મંડળની મીટીંગ વર્ષમાં ઓછામાં ઓછી બે વાર મળશે. જને સામાન્ય મીટીંગ કહેવાશે, આવી મીટીંગની નોટીસ ટ્રસ્ટીઓને સાત દિવસ અગાઉ આપવામાં આવશે. આ મીટીંગનું સ્થળ જ્યારે યોગ્ય લાગે ત્યારે ખાસ વધારાની ટ્રસ્ટી મંડળની મીટીંગ બોલાવી નક્કી કરી શકશે અને આવી મીટીંગને અસામાન્ય મીટીંગ કહેવાશે. ટ્રસ્ટીઓને મીટીંગના એજન્ડા સાત દિવસ અગાઉ આપવાના રહેશે. આ નોટીસમાં મિટિંગનું સ્થળ, સમય, તારીખ અને સૂચિત કર્યા લખવાના રહેશે.મીટીંગનું કોરમ ટ્રસ્ટીઓની કુલ સંખ્યાના ૨/૩ ભાગના ટ્રસ્ટીઓની હાજરીથી પુરૂ થયેલ ગણાશે. કોરમના અભાવે મુલતવી રહેલી મીટીંગ તે જ દિવશે એક કલાક બાદ ફરીથી ભરી શકાશે અને આવી મીટીંગને કોરમાનો બાધ રહેશે નહિ.

### ❖ ટ્રસ્ટીની આવકના સાધનો:-

દાન, ભેટ, ગ્રાન્ટ, સરકારી સહાય, ફંડ ફાળો, ચેરીટી શો યોજી તથા અન્ય રીતે.

### ❖ ઠરાવો અને ઠરાવ બૂક:-

ટ્રસ્ટી મંડળે દરેક મીટીંગમાં થયેલા ઠરાવો બહુમતીથી પસાર કરશે અને તેને ઠરાવ બુકમાં લખવામાં આવશે. જેની નીચે ટ્રસ્ટીએ સહી કરવાની રહેશે. અસામાન્ય સંજોગોમાં ઠરાવ સરક્યુલર ફેરવીને પણ કરી શકશે.

❖ <u>હિસાબી વર્ષ:-</u>

આ ટ્રસ્ટનું હિસાબી વર્ષ ૧લી એપ્રિલથી શરૂ થઇ ૩૧માર્ચના રોજ પુરૂ થયેલ ગણાશે.

❖ <u>બેંક એકાઉન્ટ:-</u>

ટ્રસ્ટના નાણાંનું રોકાણ ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ-૧૯૫૦ ની અન્વયે કરવાનું રહેશે. બેન્કમાં નાણાકીય લેવડ-દેવડ સંસ્થાના ટ્રસ્ટી મંડળ ઠરાવથી નિયુક્ત કરેલ પ્રમુખ, મંત્રી, ખજાનચી પૈકી બે ટ્રસ્ટીઓ સહીથી કરી શકશે.

❖ <u>સમિતિઓ :-</u>

જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે ટ્રસ્ટી મંડળના આ ટ્રસ્ટના કામ માટે પોતાને મદદરૂપ થવા માટે વ્યવસ્થાપક સમિતિ કે સલાહકાર સમિતિ જેવી અન્ય સમિતિઓ નીમી શકશે અને આવી સમિતિઓને વિસર્જન પણ કરી શકશે. આવી સમિતિ કે સમિતિઓમાં અધ્યક્ષ તરીકે હંમેશા પ્રમુખ જ રહેશે.

❖ <u>ફેરફાર :_</u>

આ ટ્રસ્ટ ડીડની કોઈપણ કલમમાં ફેરફાર સુધારો – વધારો કે ઘટાડો કરવાનો પ્રસંગ ઉભો થાય ત્યારે કલમ – ૩ ને આધિન રહી ટ્રસ્ટીઓ સર્વાનુંમતે ફેરફાર, સુધારો – વધારો કે ઘટાડો ચેરીટી કમિશનરની મંજુરી થી કરી શકશે.

આ દસ્તાવેજના પક્ષકારોએ સહી શુદ્ધ બુદ્ધિથી સારી માનસિક હાલતમાં સમજી, વિચારીને કરેલી છે અને સ્વીકારેલી છે. જે બદલ આ નીચે તેઓએ સહિઓ કરેલી છે.

દસ્તાવેજમાં જણાવેલ આ ટ્રસ્ટની મિલકત આ ટ્રસ્ટના પ્રથમ ટ્રસ્ટી મંડળે ટ્રસ્ટીના દરજ્જે સ્વીકારેલ છે. જે બદલ આ નીચે તમોએ સહી કરેલ છે.

આજ તારીખ : ૦૨/૦૪/૨૦૧૮ ના રોજ નીચે સહી કરેલ છે.

તારીખ : ૦૨/૦૪/૨૦૧૮

સ્થળ : હિંમતનગર

(એક તરફવાળા)

ઉપરોક્ત ટ્રસ્ટ ડીડમાં જણાવ્યા મુજબ અમો બીજી તરફવાળા ઉપરોક્ત ટ્રસ્ટની મિલકત તેમાં જણાવેલ હેતુઓ માટે તેમાં જણાવેલ શરતો અને નિયમો મુજબ સ્વીકારીએ છીએ.

તારીખ : ૨૭/૦૭/૨૦૧૮

સ્થળ : હિંમતનગર

બીજી તરફવાળા :-

પ્રમુખ/મંત્રી/ટ્રસ્ટી
સનરાઇઝ એજ્યુકેશન ટ્રસ્ટ
હિંમતનગર

| ક્રમ | નામ | સહીઓ |
|---|---|---|
| ૧ | કાજરેકર ગીરીશભાઈ દત્તાત્રેય | |
| ૨ | ડોંગરે જીતેન્દ્રકુમાર સદાશિવ | |
| ૩ | પટેલ પ્રવીણભાઈ હીરાભાઈ | |
| ૪ | આચાર્ય હરેશકુમાર નરોત્તમદાસ | આચાર્ય હરેશકુમાર નરોત્તમદાસ |
| ૫ | ઉપાધ્યાય કૌશલકુમાર સોમનાથભાઈ | |

સાક્ષી નંબર ૧ ______________________

સાક્ષી નંબર ૨ ______________________

ઉપરોક્ત ટ્રસ્ટીઓએ મારી રૂબરૂમાં સહીઓ કરેલ છે.

તારીખ : ૨૭/૦૭/૨૦૧૮

સ્થળ : હિંમતનગર

નકલ કરનાર :-
મુકાબલા કરનાર :-
શબ્દો :-

નકલ ફી :- ૯/-
મુકાબલ ફી :-
કાગળ ફી :- ૯/-
કુલ :- ૧૮/-

આથી દાખલો આપવામાં આવે છે કે
આ પ્રમાણિત નકલ છે.
અધીક્ષક
જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી
સાબરકાંઠા પ્રદેશ, હિંમતનગર
૧૬/૫/૧૯